CBSEની ધો-10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ 16 ફેબ્રુઆરીથી શરૂ થશે

101 દિવસ અગાઉ જાહેર કરાશે પરીક્ષાનું સમયપત્રક

ધોરણ-10માં 26.5 લાખ અને ધોરણ-12માં 19.8 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા

સુરતઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા વર્ષ 2027ની ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાઓનું આયોજન 16 ફેબ્રુઆરીથી કરવામાં આવશે. બોર્ડ પરીક્ષાના પ્રારંભના 101 દિવસ અગાઉ જ વિષયવાર સમયપત્રક તૈયાર કરી જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ વર્ષે ધોરણ 10માં 83 વિષય અને ધોરણ 12માં 121 વિષયની પરીક્ષા લેવામાં આવશે. બંને ધોરણમાં મળીને 46.3 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી છે.

CBSEના પરીક્ષા નિયંત્રક ડો. સંયમ ભારદ્વાજ દ્વારા તમામ સંલગ્ન શાળાઓના આચાર્યો અને વડાઓને મોકલવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની લિસ્ટ ઓફ કેન્ડિડેટ્સ (LOC) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બોર્ડને વિષયોની પસંદગી અંગેનો અંતિમ ડેટા મળી ગયો છે. પરીક્ષાઓ દરરોજ સવારે 10:30 વાગ્યે શરૂ થશે.

સમયપત્રક તૈયાર કરતી વખતે વિદ્યાર્થીઓએ સાથે પસંદ કરેલા વિષયોની પરીક્ષાઓ વચ્ચે પૂરતો સમય રહે તેની ખાસ કાળજી રાખવામાં આવી છે. ધોરણ 12ના વિદ્યાર્થીઓની મુખ્ય પ્રવેશ પરીક્ષાઓના સંભવિત સમયપત્રકને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું છે, જેથી પ્રવેશ પરીક્ષાઓ શરૂ થાય તે પહેલાં બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ શકે. આ ઉપરાંત દરેક પરીક્ષા કેન્દ્ર પર એક જ દિવસે કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, તેનું પણ આયોજનમાં ધ્યાન રાખવામાં આવ્યું છે. ખાસ બાબત એ છે કે વિદ્યાર્થીઓએ પસંદ કરેલા 40 હજારથી વધુ વિષયોના સંયોજનોને ધ્યાનમાં રાખીને સમયપત્રક બનાવાયું છે, જેથી કોઈ વિદ્યાર્થીના બે વિષયની પરીક્ષા એક જ દિવસે ન આવે.

વિદ્યાર્થીઓને તૈયારી માટે પૂરતો સમય મળશે

વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે પૂરતો સમય મળશે અને પરીક્ષાનો તણાવ ઘટશે. વાલીઓ અને શિક્ષકો ઉનાળુ વેકેશન દરમિયાન પ્રવાસ તથા અન્ય આયોજન પરીક્ષાના સમયપત્રકને અનુરૂપ કરી શકશે. શાળાઓને બોર્ડના વર્ગો માટે શૈક્ષણિક આયોજન અને પરીક્ષા કેન્દ્રો પર જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે પણ પૂરતો સમય મળશે.

૩૦મી નવેમ્બર પહેલાં ITC ક્લેઈમ કરી લો, નહીં તો નુકસાન

જીએસટી રિટર્નમાં છૂટી ગયેલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાની આખરી તક

સમયાંતરે હિસાબો ચકાસી લેવા અનુરોધ

સુરતઃ જો તમે પણ વેપારી છો અને સમગ્ર વર્ષ દરમિયાન તમારી કોઈ ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) લેવાની બાકી રહી ગઈ હોય, તો ચેતી જજો! નાણાકીય વર્ષ પૂરું થયા બાદ આઈટીસી ક્લેઈમ કરવાની આખરી તારીખ ૩૦ નવેમ્બર છે. જો આ નિર્ધારિત સમયમર્યાદામાં આઈટીસી ક્લેઈમ કરવામાં નહીં આવે, તો વેપારીઓએ પોતાના જ નાણાંથી હાથ ધોવા પડે તેવી નોબત આવી શકે છે.

સામાન્ય રીતે જીએસટીના નિયમો મુજબ, નાણાકીય વર્ષ પૂરું થયા પછી વેપારીઓ દ્વારા ફાઈલ કરાતા વાર્ષિક રિટર્નમાં ઘણી વખત સામેવાળા પક્ષે સમયસર ટેક્સ ન ભર્યો હોવાને કારણે અથવા તો ભૂલવશ આઈટીસી ક્લેઈમ કરવાનું રહી જતું હોય છે.

વેપારીઓની આ મૂંઝવણ દૂર થાય તે માટે જીએસટી વિભાગ દ્વારા નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ નવેમ્બર માસના અંત સુધી આઈટીસી મેળવવાની વિશેષ છૂટછાટ આપવામાં આવે છે. આ નિયમ અંતર્ગત સરકાર દ્વારા વેપારીઓને આઈટીસી મેળવવા માટે અંદાજે ૮ મહિના જેટલો લાંબો સમય આપવામાં આવે છે. તેમ છતાં જો કોઈ વેપારી આ મહત્વપૂર્ણ સમયમર્યાદા ચૂકી જાય, તો તેમને ભારે આર્થિક ફટકો પડી શકે છે. આથી, સુરત સહિત તમામ વેપારી મિત્રોએ તાત્કાલિક પોતાના અત્યાર સુધીના જીએસટી રિટર્નની આખી વિગત ફરીથી ચકાસી લેવી ખૂબ જ અનિવાર્ય છે, જેથી જો કોઈ આઈટીસી બાકી હોય તો ૩૦ નવેમ્બર પહેલાં તેને મેળવી શકાય અને નુકસાનથી બચી શકાય.

દરેક શિપમેન્ટનું ઓનલાઈન મૂલ્યાંકન ફરજિયાત બનશે

રફ હીરાની આયાત-નિકાસ પર UAEની ડિજિટલ નજર

દુબઈના કિમ્બર્લી પ્રોસેસ કાર્યાલયમાં સ્વતંત્ર વેલ્યુએશન સિસ્ટમ શરૂ થશે

ઓવર અને અંડર વેલ્યુએશનના શંકાસ્પદ વ્યવહારો પર અંકુશ લાવવાનો પ્રયાસ

સુરત : વૈશ્વિક હીરા વેપારમાં પારદર્શિતા વધારવા અને રફ હીરાની આયાત-નિકાસમાં ભાવની ગેરરજૂઆત અટકાવવા સંયુક્ત આરબ અમીરાત (UAE) દ્વારા મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. UAEમાં પ્રવેશતા અને ત્યાંથી બહાર જતા દરેક રફ ડાયમંડ શિપમેન્ટનું હવે સ્વતંત્ર ઓનલાઈન મૂલ્યાંકન કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી કસ્ટમ્સ અને કિમ્બર્લી પ્રોસેસ (KP) ના અધિકારીઓને વેપારીઓ દ્વારા જાહેર કરવામાં આવેલા હીરાના ભાવની વાસ્તવિક બજારકિંમત સાથે સરખામણી કરવાની સુવિધા મળશે.

દુબઈ મલ્ટી કોમોડિટીઝ સેન્ટર (DMCC)ના એક્ઝિક્યુટિવ ચેરમેન અને CEO અહેમદ બિન સુલેમે 4 નવેમ્બરે આ પહેલની જાહેરાત કરી હતી. eValuer FZCO દ્વારા વિકસાવવામાં આવેલું ડિજિટલ પ્લેટફોર્મ UAE કિમ્બર્લી પ્રોસેસ કાર્યાલયની કાર્યપ્રણાલી સાથે જોડવામાં આવ્યું છે. આ સાથે UAE વિશ્વનું પ્રથમ એવું કિમ્બર્લી પ્રોસેસ કાર્યાલય બનશે, જ્યાં રફ હીરાની આયાત અને નિકાસ બંનેનું ઓનલાઈન સ્વતંત્ર મૂલ્યાંકન કરવામાં આવશે. આ વ્યવસ્થાની વિશેષતા એ છે કે દરેક શિપમેન્ટ સરહદ પાર કરે ત્યારે જ તેનું સ્વતંત્ર બજાર મૂલ્યાંકન ઉપલબ્ધ થશે. વેપારી દ્વારા જાહેર કરાયેલા ભાવ અને સિસ્ટમ દ્વારા નક્કી કરાયેલા સંદર્ભ ભાવ વચ્ચે મોટો તફાવત જણાશે તો અધિકારીઓ વધુ તપાસ કરી શકશે. તેનાથી ખોટી કિંમત જાહેર કરવી અથવા શંકાસ્પદ વ્યવહારો છુપાવવા મુશ્કેલ બનશે.

3,566 કેટેગરીના રફ હીરાના ભાવનું વિશ્લેષણ

નવી સિસ્ટમમાં કુદરતી રફ હીરાની 3,566 વિવિધ કેટેગરીના બજાર આધારિત ભાવના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. eValuerના જણાવ્યા મુજબ, આ માટે મોટા રફ ડાયમંડ ટેન્ડર, હરાજી અને ઉત્પાદકો સહિતના વેચાણકર્તાઓ પાસેથી મળતી માહિતીનો ઉપયોગ કરવામાં આવશે. કંપનીની નિષ્ણાત ટીમ રફ હીરાને વિવિધ કેટેગરીમાં વર્ગીકૃત કરીને પોતાની વિશેષ અલ્ગોરિધમ ટેક્નોલોજી દ્વારા વેચાણના ભાવનું વિશ્લેષણ કરે છે. તેના ત્રણ પ્રાઇસ બુકમાં ટેન્ડર અને હરાજીના ભાવ, ડી બિયર્સ ટ્રેડિંગ કંપની, અલરોસા અને રિયો ટિન્ટો જેવી કંપનીઓના કોન્ટ્રાક્ટ વેચાણના ભાવ તથા વેઇટેડ માર્કેટ એવરેજનો સમાવેશ થાય છે.

2025માં UAEમાં 7.16 અબજ ડોલરના રફ હીરાની આયાત

કિમ્બર્લી પ્રોસેસના આંકડા અનુસાર, વર્ષ 2025માં UAEમાં 91.16 મિલિયન કેરેટ રફ હીરાની આયાત થઈ હતી, જેનું મૂલ્ય 7.16 અબજ ડોલર હતું. જ્યારે 89.64 મિલિયન કેરેટ રફ હીરાની નિકાસ થઈ હતી, જેનું મૂલ્ય 9.28 અબજ ડોલર નોંધાયું હતું. eValuer અન્ય દેશોના કિમ્બર્લી પ્રોસેસ કાર્યાલયો માટે પણ આ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા માગે છે. આમ, UAEની આ પહેલ ભવિષ્યમાં વૈશ્વિક રફ હીરા વેપારમાં ભાવની પારદર્શિતા અને નાણાકીય વ્યવહારોની વિશ્વસનીયતા વધારવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ખાસ કરીને સુરતના હીરા વેપારીઓ માટે પણ દુબઈના રફ હીરા વેપારમાં આવી રહેલા ડિજિટલ પરિવર્તન પર નજર રાખવી જરૂરી બનશે.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ મંદિરમાં શિશ ઝુકાવશે

સવારે પંચદેવ મંદિર, અડાલજ ત્રિમંદિર અને અમદાવાદના ભદ્રકાળી માતાના મંદિરે દર્શન

ગાંધીનગર-અમદાવાદમાં નાગરિકો, રાજ્યપાલ અને પોલીસ પરિવાર સાથે કરશે શુભેચ્છાઓનું આદાનપ્રદાન

ગાંધીનગરઃ વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષના પ્રથમ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ મંદિરોમાં દર્શન-પૂજન કરીને નવા વર્ષની શરૂઆત કરશે. નવા વર્ષના મંગળમય પ્રારંભ માટે મુખ્યમંત્રી સવારે ગાંધીનગરના પંચદેવ મંદિર, અડાલજના ત્રિમંદિર અને અમદાવાદના ભદ્રકાળી માતાના મંદિરે શીશ ઝુકાવશે. ધાર્મિક દર્શન બાદ તેઓ ગાંધીનગર અને અમદાવાદમાં નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદનના સ્નેહમિલનમાં ભાગ લઈ શુભેચ્છાઓની આપ-લે કરશે.

મુખ્યમંત્રીનો નૂતન વર્ષનો દિવસ વહેલી સવારથી જ વિવિધ કાર્યક્રમોથી વ્યસ્ત રહેશે. સવારે ૭ વાગ્યે ગાંધીનગરના પંચદેવ મંદિરે દર્શન કરીને તેઓ નવા વર્ષની શરૂઆત કરશે. ત્યારબાદ સવારે ૭:૩૦ કલાકે અડાલજના ત્રિમંદિરે દર્શન-પૂજન માટે જશે. સવારે ૮ વાગ્યે મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે નાગરિકો અને પ્રજાજનો સાથે શુભેચ્છા સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સવારે ૮:૫૦ કલાકે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. મુખ્યમંત્રી સવારે ૧૦ વાગ્યે અમદાવાદના ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે જશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે શાહીબાગ સ્થિત એનેક્સી સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરશે.

રાજ્યમાં SGST વિભાગનો 7 માસમાં રૂપિયા 5000 કરોડનો ટાર્ગેટ પૂર્ણ



હવે 2000 કરોડનો બાકી લક્ષ્યાંક સર કરવા કવાયત

સુરતઃ ગુજરાત સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગે ચાલુ નાણાકીય વર્ષમાં કર વસૂલાત અને કરચોરી ઝડપવા બાબતે અભૂતપૂર્વ સફળતા હાસિલ કરી છે. વિભાગ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા વાર્ષિક લક્ષ્યાંકો પૈકી માત્ર 7 મહિનાના ટૂંકા ગાળામાં જ રૂ.5000 કરોડનો અધધ ટાર્ગેટ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યો છે. SGST વિભાગના આ કડક વલણ અને સપાટાને કારણે કરચોરો અને બોગસ બિલિંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ટેક્નોલોજી અને ડેટા એનાલિટિક્સનો ઉપયોગ

વિભાગે અગાઉથી નક્કી કરેલી વસૂલાતના લક્ષ્યાંકોને પહોંચી વળવા માટે ખાસ રણનીતિ અપનાવી હતી. ટેક્નોલોજી અને ડેટા એનાલિટિક્સના સઘન ઉપયોગ દ્વારા રાજ્યભરમાં કરચોરી કરતા વેપારીઓ અને શંકાસ્પદ પેઢીઓ પર સતત નજર રાખવામાં આવી હતી. દરોડા, સર્ચ ઓપરેશન અને પત્રક ચકાસણીની પ્રક્રિયા ઝડપી બનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી, જેના પરિણામે વિભાગે માત્ર સાત જ મહિનામાં 5000 કરોડ રૂપિયાની માતબર રકમની વસૂલાત પૂર્ણ કરી લીધી છે.

હજુ 2000 કરોડનો લક્ષ્યાંક બાકી

જોકે, વિભાગ આટલેથી અટકવાનો નથી. નાણાકીય વર્ષના બાકીના સમયગાળા માટે હજુ રૂ. 2000 કરોડની વસૂલાતનો લક્ષ્યાંક બાકી છે. આ બાકી ટાર્ગેટ પૂરો કરવા માટે SGST વિભાગે અત્યારથી જ આગામી સમયનું આયોજન ઘડી કાઢ્યું છે. બાકી વસૂલાત માટે મોટા બાકીદારો, ટેક્સ પેન્ડન્સી ધરાવતા કરદાતાઓ અને બોગસ બિલિંગના નેટવર્ક પર તપાસનો શિકંજો વધુ મજબૂત કરવામાં આવશે.

દિવાળીના ફટાકડા પહેલાં જ રાજ્યમાં ધૂળ અને વાહનોનું પ્રદૂષણ ચિંતાજનક

બાળકો, વૃદ્ધો અને સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય સામે જોખમ

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યનાં શહેરોમાં વાયુ પ્રદૂષણનો પ્રશ્ન દિવાળીના તહેવાર પહેલાં જ ગંભીર બન્યો છે. અમદાવાદમાં દિવાળીની આતશબાજી શરૂ થાય તે પહેલાં જ શહેરનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) 176 નોંધાયો હતો, જ્યારે સોલા સહિતના કેટલાક વિસ્તારોમાં આ આંકડો 220 સુધી પહોંચી ગયો હતો. શહેરના અનેક વિસ્તારોમાં AQI 200ને પાર થતાં હવાની ગુણવત્તા સામે ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. હજુ તો દિવાળીની રાત્રે ફટાકડા ફૂટવાના બાકી હતા ત્યારે જ હવાની ગુણવત્તા આ સ્તરે પહોંચી જતાં તહેવારની આતશબાજી બાદ પ્રદૂષણનું પ્રમાણ વધુ વધવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

દિવાળી દરમિયાન ફટાકડામાંથી નીકળતો ધુમાડો, ઝેરી વાયુઓ અને સૂક્ષ્મ રજકણો હવામાં ભળતાં શ્વસનતંત્ર પર તેની સીધી અસર થઈ શકે છે. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા મહિલાઓ માટે આવી હવા વધુ જોખમી બની શકે છે.

અમદાવાદમાં ફટાકડા ફોડવા મુદ્દે બંદૂક ફૂટી, 3 રાઉન્ડ ફાયરિંગ

બોડકદેવ વિસ્તારમાં સ્કાય વ્યૂ ફ્લેટના રહીશો પર ટોળાંનો હુમલો, ગોળીબાર થતાં જ નાસભાગ મચી

અમદાવાદઃ અમદાવાદ શહેરના બોડકદેવ વિસ્તારમાં આવેલા સ્કાય વ્યૂ ફ્લેટની બહાર દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની બાબતે ઉગ્ર બોલાચાલી થતાં જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ દરમિયાન એક ટોળાંએ ફ્લેટના રહીશો પર હુમલો કરતાં વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. જેમાં ત્રણ રાઉન્ડ ગોળીબાર થતાં જ સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી.

આ અંગે મળતી વિગતો પ્રમાણે બોડકદેવ વિસ્તારમાં આવેલા સ્કાય વ્યૂ ફ્લેટની બહાર દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા બાબતે કેટલાક લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી. શરૂઆતમાં સામાન્ય લાગતી આ તકરાર ઉગ્ર બનતાં એક ટોળું ફ્લેટની બહાર એકત્ર થયું હતું અને ત્યાંના રહીશો પર હુમલો કર્યો હતો. અચાનક થયેલા હુમલાને કારણે ફ્લેટના રહીશોમાં નાસભાગ મચી ગઈ હતી.

આ દરમિયાન ફ્લેટમાં મહેમાન તરીકે આવેલા એક વ્યક્તિ રહીશોની મદદે આવ્યા હતા. પરિસ્થિતિ વધુ વણસતી જોઈ તેમણે પોતાના બચાવ માટે લાયસન્સવાળી રિવોલ્વર બહાર કાઢી હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબાર થતાં જ સ્થળ પર નાસભાગ મચી ગઈ હતી અને હુમલાખોર ટોળામાં પણ ફફડાટ ફેલાયો હતો. આ ઘટનાને પગલે હુમલાનો ભોગ બનેલા રહીશોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ મામલે આશરે 25 જેટલા યુવકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બોડકદેવ પોલીસે ફરિયાદના આધારે હત્યાના પ્રયાસ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે ઘટનાસ્થળે બનેલી ઘટનાના વીડિયો સહિતના પુરાવાઓના આધારે આરોપીઓની ઓળખ કરવાની અને સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે.

સુરતમાં મોડે મોડે ઠંડી શરૂ રાત્રિના તાપમાનમાં ઘટાડો

લઘુત્તમ તાપમાન 20.8 ડિગ્રી નોંધાયું; આગામી દિવસોમાં ઠંડી વધવાની શક્યતા

સુરતઃ સુરત શહેરમાં આખરે મોડે મોડે ઠંડીનું આગમન થયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે દિવસથી રાત્રિના તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેના કારણે શહેરવાસીઓને ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. ખાસ કરીને વહેલી સવાર અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. હવામાનમાં આવેલા આ ફેરફારને પગલે હવે ધીમે ધીમે શિયાળાની શરૂઆત થઈ રહી હોવાની અનુભૂતિ થઈ રહી છે.

હવામાનના આંકડા મુજબ, ગઈકાલે શહેરમાં રાત્રીનું લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આજે તેમાં આંશિક ઘટાડો થતાં તાપમાન 20.8 ડિગ્રી નોંધાયું છે. આમ, સતત બે દિવસથી રાત્રીના તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી તરફ, આજે વહેલી સવારે હવામાં ભેજનું પ્રમાણ 74 ટકા નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ વધારે રહેવાને કારણે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બન્યો છે. હવામાનના જાણકારોના મતે આગામી દિવસોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધુ સક્રિય બનશે તો તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. જેના કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા છે. આગામી દિવસોમાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડક વધુ અનુભવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, વર્ષોથી દિવાળીની આસપાસ ઠંડીની શરૂઆત થવાની માન્યતા રહી છે.

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીએ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનજાતીય ગૌરવ સપ્તાહ-2026 અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન

રેલીઓ અને ઉજવણીના કાર્યક્રમોમાં અધિકારીઓ વ્યસ્ત રહેશે

સુરતઃ ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનજાતીય ગૌરવ સપ્તાહ-2026 અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોનાં આયોજન અને અમલીકરણને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવશે. જન્મજયંતી નિમિત્તે વિવિધ સ્થળોએ રેલીઓ, ઉજવણીના કાર્યક્રમો સહિતનાં આયોજનો કરવામાં આવશે, જેમાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની પણ જવાબદારી રહેશે.

બીજી તરફ દિવાળીના તહેવારને પગલે સરકારી કચેરીઓમાં રજાઓનો માહોલ જોવા મળશે. સરકાર દ્વારા દિવાળીની 9 તારીખે સોમવારે પણ જાહેર રજા જાહેર કરવામાં આવી છે.

પરિણામે રવિવારથી બુધવાર સુધી સરકારી કચેરીઓમાં રજાઓ રહેશે. દિવાળીના તહેવારની રજાઓ બાદ કચેરીઓમાં નિયમિત કામગીરી શરૂ થશે. જોકે, દિવાળીની રજાઓ પૂર્ણ થયા બાદ પણ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે કામગીરીનો વ્યસ્ત કાર્યક્રમ રહેવાની શક્યતા છે. દિવાળીની રજાઓનો આનંદ માણ્યા બાદ બીજા શનિવારે કચેરીઓમાં કામગીરી ચાલુ રહેશે. તેની સાથે જ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે યોજાનારી રેલીઓ અને જનજાતીય ગૌરવ સપ્તાહના વિવિધ કાર્યક્રમોના આયોજનમાં અધિકારીઓ વ્યસ્ત રહેશે. આમ, એક તરફ દિવાળીની રજાઓ અને બીજી તરફ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીને લઈને જિલ્લા વહીવટી તંત્ર માટે આગામી દિવસો આયોજન અને કામગીરીની દૃષ્ટિએ વ્યસ્ત રહેવાના છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

નવા વર્ષમાં...

હોવાની ધાર્મિક માન્યતા છે.

14 એપ્રિલે મીન કમુરતા પૂર્ણ થશે

એપ્રિલ મહિનામાં ૧૪ એપ્રિલે મીન કમુરતા પૂર્ણ થયા બાદ ફરી લગ્નસરાનો માહોલ જામશે. એપ્રિલના બીજા પખવાડિયામાં તા. ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮ એપ્રિલના દિવસો લગ્ન માટે શુભ દર્શાવવામાં આવ્યા છે. આ સમયગાળામાં ઉત્તરાફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ અને ઉત્તરાષાઢા નક્ષત્રના સંયોગોને લગ્ન માટે અનુકૂળ માનવામાં આવે છે.

મે મહિનામાં લગ્નના દિવસો

મે-૨૦૨૭ લગ્નસરાનો સૌથી વ્યસ્ત મહિનો બની રહેવાની શક્યતા છે. આ મહિનામાં તા. ૩, ૪, ૭, ૮, ૯, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૩૦ અને ૩૧ મેના દિવસો લગ્ન માટે શુભ ગણાવવામાં આવ્યા છે.

દિવાળીની રાત્રે...

દિવાળીની રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ રાજકોટમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૦૭૮ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો, જ્યાં ધુમ્મસ અને ધુમાડાને કારણે ૨૦૦ મીટર દૂર જોવું પણ અશક્ય બન્યું હતું. અમદાવાદમાં પણ સ્થિતિ ગંભીર હતી અને ત્યાં ૬૦૮ AQI નોંધાયો હતો. સુરતમાં તહેવારની શરૂઆતમાં પ્રદૂષણ નિયંત્રિત હતું, પરંતુ રાત્રિના સમયે ફટાકડામાંથી નીકળતો ઝેરી ધુમાડો, વાહનોનું પ્રદૂષણ અને હવામાં ઊડતી ધૂળ એકત્રિત થતાં જ AQIનો પારો સીધો ૭૫૯ પર પહોંચી ગયો હતો, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી ગણાય છે.

ખાનગી એજન્સીમાં...

જવાબદારી ધરાવતા સરકારી યંત્રો જ જાણે વાસ્તવિકતા સામે આંખ આડા કાન કરી રહ્યાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ખાનગી મોનિટરિંગમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ (AQI) ૯૩૨ સુધી પહોંચી ગયો હતો, જ્યારે સરકારી મોનિટરિંગ યંત્રોમાં આંકડો માત્ર ૨૩૦ની આસપાસ જ રહ્યો હતો.

પ્રદૂષણની હદ માપવાનું કામ કરતાં યંત્રો જ જો પ્રદૂષણની સાચી ગંભીરતા દર્શાવી શકતાં ન હોય તો નાગરિકો સરકારી આંકડાઓ પર ભરોસો કેવી રીતે કરે? દિવાળીની રાત્રે ફટાકડાની બેફામ આતશબાજી વચ્ચે રાત્રે ૧૧:૩૦થી ૧:૩૦ દરમિયાન ખાનગી મોનિટરિંગમાં AQI ૯૩૨ નોંધાયો હતો. આ આંકડો હવાની ગુણવત્તા અત્યંત ગંભીર સ્તરે પહોંચી હોવાનો સંકેત આપે છે. બીજી તરફ સાયન્સ સેન્ટર અને કતારગામ ખાતે કાર્યરત સરકારી મોનિટરિંગ કેન્દ્રોમાં AQI આશરે ૨૩૦ની આસપાસ રહ્યો હતો. એક જ શહેરમાં, એક જ રાત્રે પ્રદૂષણના આંકડામાં આટલો મોટો તફાવત કેવી રીતે? શું ખાનગી મશીનો ખોટા છે કે પછી સરકારી મશીનો હવાની વાસ્તવિક સ્થિતિ પકડવામાં નિષ્ફળ રહ્યાં છે? જો સરકારી મશીનો સાચા હોય તો ખાનગી મોનિટરિંગમાં ૯૩૨ સુધીનો આંકડો કેમ પહોંચ્યો? અને જો ખાનગી આંકડા સાચા હોય તો સરકારી યંત્રો પ્રદૂષણની ગંભીરતા કેમ દર્શાવી શક્યાં નહીં?

દિવાળીની એક...

ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં માત્ર 12 કલાક દરમિયાન 100 જેટલા MLC (મેડિકો લીગલ કેસ) નોંધાયા હતા, જે તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ઇમરજન્સી આરોગ્ય સેવાઓ પર વધેલા ભારને દર્શાવે છે.

સુરતમાં 24...

પહોંચતાં ટેમ્પો સળગ્યો હતો. ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ ટેમ્પોને નુકસાન પહોંચ્યું હતું.

ઉપરાંત આગ લાગવાના મોટા ભાગના કિસ્સા રહેણાક સોસાયટીઓ, ઊંચી બિલ્ડિંગ્સ અને ખુલ્લા પ્લોટમાં પડેલા કચરાના ઢગલામાં બન્યા હતા. લોકો દ્વારા ફોડવામાં આવેલાં રોકેટ સીધા બિલ્ડિંગોની બાલ્કનીઓમાં મૂકેલા સામાન તેમજ સૂકા કચરા પર પડતાં આગ પકડી લીધી હતી. દિવાળીની એક જ રાતમાં ૧૫૦ જેટલા કોલ આવતાં ફાયર બ્રિગેડના કાફલા પર ભારે દબાણ સર્જાયું હતું. એકસાથે અનેક સ્થળોએથી વણઝાર સ્વરૂપે મળેલા કોલના કારણે કેટલીક જગ્યાઓ પર ફાયર સ્ટેશનની ટીમને પહોંચવામાં વિલંબ થયો હતો.

સરથાણા આઉટર...

સોસાયટીમાં રહેતો 23 વર્ષીય રાજકુમાર મહેશભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. તે પોતાના 27 વર્ષીય મિત્ર બ્રિજરાજ દિલીપભાઈ ચૌધરી તેમજ ચિરાગ અને મેહુલ પટેલ સાથે બે અલગ અલગ મોપેડ પર સરથાણા આઉટર રિંગ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન રસ્તાની વચ્ચે કેટલાક લોકો ફટાકડા ફોડી રહ્યા હતા. તેઓ કોલ્ડડ્રીંકના નામ લખેલા લોખંડના ટીનમાં બોમ્બ મૂકીને ફોડી રહ્યા હતા. તેવામાં અચાનક જોરદાર ધડાકા સાથે લોખંડનું ટીન ફાટતાં નજીકથી પસાર થઈ રહેલા ચારેય મિત્રો ઇજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં રાજકુમાર અને બ્રિજરાજને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેથી બંનેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ચિરાગ અને મેહુલને માથાના ભાગે સામાન્ય ઇજા થઈ હતી.

ગુજરાતનાં યાત્રાધામોમાં દિવાળીની ઉજવણી

મંદિરો સોમનાથથી અમેરિકા સુધી ઓનલાઇન લક્ષ્મી મહાપૂજામાં ભક્તો જોડાયા

ગાંધીનગરઃ પ્રકાશના પર્વ દિવાળીની સમગ્ર ગુજરાતમાં શ્રદ્ધા, ભક્તિ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યનાં પ્રસિદ્ધ ધાર્મિક સ્થળો અને પવિત્ર યાત્રાધામો પણ રોશનીના ઝળહળાટથી શોભી ઊઠ્યાં છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યથી લઈને શક્તિપીઠ અંબાજી, સુપ્રસિદ્ધ સાળંગપુર હનુમાનજી મંદિર અને યાત્રાધામ ડાકોર સુધી દિવાળીના પર્વે આસ્થાનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. ક્યાંક હજારો દીવડાઓની દીપમાળાએ મંદિર પરિસરને ઝગમગાવી દીધું છે, તો ક્યાંક ભગવાનના અલૌકિક શણગાર અને વિશેષ ધાર્મિક આયોજન ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી સોમનાથ ટ્રસ્ટે દેશ-વિદેશના ભક્તોને પૂજનમાં જોડ્યા છે, જ્યારે અન્ય યાત્રાધામોમાં પરંપરાગત ધાર્મિક વિધિઓ અને ઉત્સવો સાથે દીપોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

સોમનાથથી સાત સમંદર પાર ગૂંજ્યો 'જય સોમનાથ'નો નાદ

પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ શ્રી સોમનાથ મહાદેવના પાવન સાનિધ્યમાં દિવાળીના પર્વે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઓનલાઇન ગણેશ-લક્ષ્મી પૂજન, લેખની અને રોજમેળ (ચોપડા) પૂજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ડિજિટલ ધાર્મિક આયોજનમાં ભારતનાં 21 રાજ્ય, ચાર કેન્દ્રશાસિત પ્રદેશો ઉપરાંત અમેરિકાના વર્જિનિયા રાજ્યમાંથી પણ ભક્ત પરિવારો જોડાયા હતા. આમ, કુલ 26 ભૌગોલિક પ્રદેશોમાંથી શ્રદ્ધાળુઓએ ઓનલાઇન પૂજનમાં સહભાગી બની સોમનાથ મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા.

સાળંગપુરમાં કષ્ટભંજનદેવને સિલ્વર ડાયમંડ વાઘાનો શણગાર

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે દિવાળીના પાવન પર્વે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને સિલ્વર ડાયમંડ વાઘા અને ગળગોટા-ગુલાબનાં ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. દાદાના સિંહાસનને પણ કેસરી અને પીળા ગળગોટાનાં ફૂલોથી સજાવવામાં આવ્યું હતું. દિવાળી નિમિત્તે સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7 વાગ્યે શણગાર આરતી કરવામાં આવી હતી. સાંજે વેપારીઓ અને હરિભક્તો માટે 4થી 6 વાગ્યા દરમિયાન સામૂહિક ચોપડા પૂજન, શારદા પૂજન અને લક્ષ્મી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે 6:30 કલાકે હજારો દીવડાઓ સાથે સમૂહ સંધ્યા આરતી યોજવાની સાથે મંદિર પરિસર દીપમાળાઓથી ઝળહળી ઊઠ્યું હતું. રાત્રે 7:30થી 8 વાગ્યા દરમિયાન ભવ્ય આતશબાજીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

રંગબેરંગી રોશનીથી ઝળહળ્યું શક્તિપીઠ અંબાજી

ગુજરાતની પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં પણ દિવાળીના પર્વે અનોખો દીપોત્સવ જોવા મળી રહ્યો છે. રંગબેરંગી લાઇટિંગ અને દીવડાઓની રોશનીથી અંબાજી મંદિરને ભવ્ય રીતે શણગારવામાં આવ્યું છે. મંદિરની આકર્ષક સજાવટ અને રોશની શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. માત્ર મંદિર જ નહીં, પરંતુ અંબાજીનાં બજારો, દુકાનો, વિવિધ બિલ્ડિંગો અને રહેણાંક વિસ્તારો પણ રોશનીથી ઝગમગી ઊઠ્યા છે.

ડાકોરમાં કાળિયા ઠાકોરનો વેપારીનો અવતાર

યાત્રાધામ ડાકોરમાં દિવાળીના પાવન પર્વે ભગવાન રણછોડરાયજીના મંદિરમાં અનોખી પરંપરા અનુસાર વિશેષ હાટડી દર્શન યોજાયાં હતાં. વર્ષમાં માત્ર એક જ વાર યોજાતા આ વિશેષ પ્રસંગે કાળિયા ઠાકોરે વેપારીનો અદ્ભુત અવતાર ધારણ કર્યો હતો. ભગવાન શ્રીજી સોનાના ત્રાજવે શાકભાજી, ફળો અને સૂકા મેવાનું વેચાણ કરતા હોય તેવો ભાવ ભક્તોને દર્શાવવામાં આવ્યો હતો. રાત્રિના સમયે યોજાયેલા ભવ્ય હાટડી દર્શન દરમિયાન ભગવાનને કુમકુમ તિલક કરી અલંકારિક આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. આ વિશેષ દર્શનનો લાભ લેવા હજારો ભાવિકો ઉમટી પડ્યા હતા.